ક્રમાંક/બીકેએનએમયુ/શિષ્યવૃત્તિ/૦૨૨/૨૦૨૬ તા. ૩૦/૦૫/૨૦૨૬

વિષય:- શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ માટે પોસ્ટ મેટ્રિક શિષ્યવૃતિ (PM YASASVI POST MATRIC SCHOLARSHIP) OBC &EBC&DNT નાં વિદ્યાર્થીઓને શિષ્યવૃતિની અગાઉથી કામગીરીનું આયોજન કરવા બાબત.

સંદર્ભ:- જીલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) ની કચેરી પોરબંદરનાં પત્ર ક્રમાંક નં.સકઅ/વિજા/પોમે/શિવૃ/૨૬-૨૭/૯૩૧ તા. ૨૭/૦૫/૨૦૨૬

પરિપત્ર:-

ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ, માન્ય સંસ્થાઓનાં વડાઓ તેમજ અનુસ્નાતક ભવનોના અધ્યક્ષશ્રીઓને ઉપરોક્ત વિષય તથા સંદર્ભદર્શિત પત્ર અન્વયે જણાવવામાં આવે છે કે આગામી શૈક્ષણિક વર્ષ-૨૦૨૬/૨૭ માં શિષ્યવૃતિની કામગીરી ટૂંક સમયમાં Digital Gujarat Portal પર શરૂ થવાની છે. અગાઉ જણાયેલ છે કે જ્યારે પોર્ટલ ઓપન થાય છે ત્યારે બધા વિદ્યાર્થીઓની આધારો કરાવવા એક સાથે ભીડ જોવા મળે છે. તેના કારણે શિષ્યવૃત્તિનું કામ નિયત સમયમર્યાદામાં પૂર્ણ થઇ શકતુ નથી. અને એડમીશન બાદ કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક વર્ષ પૂરું થવા છતા સાધનિક કાગળો પુરા ન પાડવાને કારણે શિષ્યવૃતિ બાકી રહી જાય છે. જેથી શિષ્યવૃતિની રકમ સમયસર મળી શકતી નથી. હાલ વિગતવાર પરિપત્ર પોર્ટલ શરૂ થયા પછી કરવામાં આવશે. આગામી શૈક્ષણિક વર્ષ ૨૦૨૬-૨૭ થી આવી ક્ષતીઓ વહેલી તકે નિવારી શકાય અને સમયસર શિષ્યવૃતિની કામગીરી પૂર્ણ કરી શકાય તે માટે સંદર્ભદર્શિત પત્રમાં આપેલા તમામ મુદ્દાઓનું ચુસ્તપણે પાલન કરી કામગીરી કરવા જણાવવામાં આવે છે.

**ખાસ નોંધ :- ૧) તમામ કોલેજો/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોએ આ પરિપત્ર કોલેજના નોટીસબોર્ડ પર ફરજીયાત લગાવવાનો રહેશે.**

**૨) ઉક્ત બાબતે ભવિષ્યમાં કોઇ પ્રશ્ન ઉપસ્થિત થશે તો આ અંગેની સઘળી જવાબદારી જે- તે સંસ્થા/કોલેજ/ અનુસ્નાતક કેન્દ્રનાં ટ્રસ્ટીશ્રી/આચાર્યશ્રીની રહેશે જેની ગંભિરતાપૂર્વક નોંધ લેશો.**

**ડીરેક્ટર**
**સ્કોલરશીપ સેક્શન,**
**ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,**
**જુનાગઢ.**

બિડાણ:-

- સંદર્ભદર્શિત પત્રની નકલ

પ્રતિ,

૧) ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોના આચાર્યશ્રીઓ, અનુસ્નાતક કેન્દ્રોના ઇન્ચાર્જશ્રીઓ.

૨) માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ.

૩) યુનિવર્સિટી સ્થિત વિવિધ ભવનોના અધ્યક્ષશ્રીઓ.

**નકલ સાદર રવાના:-**

૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીના અંગત સચિવશ્રી તરફ.....

જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી (વિ.જા.) ની કચેરી
જિલ્લા સેવા સદન-૨,કચેરી નં. ૮,સાંદિપની રોડ,પોરબંદર
ફોન : (૦૨૮૬)૨૨૨૨૮૬૭ E-mail : swo-por@gujarat.gov.in

નં.સકઅ/વિજા/પોમે/શિવૃ/૨૬-૨૭/૭૩૧ તારીખ : ૨૭-૦૫-૨૦૨૬

**અગાઉ સૂચના** **BY MAIL - અગત્યનુ**

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી/ગ્રાન્ટેડ ઉચ્ચ માધ્યમિક શાળા તથા તમામ કોલેજ
જિ.પોરબંદર

વિષય:- વર્ષ:૨૦૨૬-૨૭ માટે પોસ્ટ મેટ્રીક શિષ્યવૃતિ (PM YASASVI Post Matric cholarship)OBC,EBC & DNT ના વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિની અગાઉથી કામગીરીનું આયોજન કરવા બાબત.

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, આગામી શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭માં શિષ્યવૃતિની કામગીરી ટુક સમયમાં Digital Gujarat Portal ઉપર શરૂ થવાની છે. અનુભવે જણાયેલ છે કે જ્યારે પોર્ટલ ઓપન થાય છે ત્યારે વિદ્યાર્થીઓ ત્યારેજ બધા આધારો કરાવવા એક સાથે ભીડ જોવા મળે છે અને તેના કારણે શિષ્યવૃતિનુ કામ નિયત સમયમર્યાદામા પૂર્ણ થઇ શકતુ નથી. અને એડમીશન બાદ કેટલાક વિદ્યાર્થીઓ દ્વારા શૈક્ષણિક વર્ષ પૂરૂ થવા છતા સાધનિક કાગળો પૂરા ન પાડવાને કારણે શિષ્યવૃતિ બાકી રહી જાય છે. જેથી શિષ્યવૃત્તિની રકમ સમયસર મળી શકતી નથી. હાલ વિગતવાર પરિપત્ર પોર્ટલ શરૂ થયા પછી કરવામાં આવશે.હવે આગામી શૈક્ષણિક વર્ષ:૨૦૨૬-૨૭ થી આવી ક્ષતીઓ વહેલીતકે નિવારી શકાય અને સમયસર શિષ્યવૃત્તિની કામગીરી પૂર્ણ કરી શકાય તે માટે નીચેના મુદ્દાઓને ચુસ્તપણે પાલન કરી કામગીરી કરવા જણાવવામાં આવે છે.

1. જે વિદ્યાર્થીઓ આપની શાળા/કોલેજમાં એડમીશન લેવા આવે તે સમયે આપની કક્ષાએથી આધારકાર્ડ છે કે નહી ? આધારકાર્ડ અપડેટ છે કે નહી ? ( જન્મ તારીખ પુરી હોવી જોઇએ તથા નામ પુરૂ હોવુ જોઇએ અથવા બાયોમેટ્રીક કરેલ છે કે નહી તે બધી વિગત તે જ સમયે ચેક કરી લેવુ જો ન હોઇ તો અપડેટ કરવાની સૂચના આપવાની રહેશે.)
2. વર્ષ:૨૦૨૬-૨૭મા પણ અગાઉની જેમ ડિઝીટલ ગુજરાત પોર્ટલ ઉપર પોસ્ટ મેટ્રીકના વિદ્યાર્થીઓની એન્ટ્રીમાં રેશનકાર્ડ નંબર તથા રેશનકાર્ડમાં વિદ્યાર્થીનુ નામ વારુ પેજ પણ ફરજીયાત થઇ જશે. જેથી જો વિદ્યાર્થીનુ નામ રેશનકાર્ડમા ન હોઇ તો તેમા નામે ચડાવી લેવાની આપની કક્ષાએથી વિદ્યાર્થીઓને સૂચના આપવી.તેમજ વિદ્યાર્થીનુ રેશનકાર્ડમાં **E-KYC** હોવુ પણ ફરજીયાત થઇ જશે. (શાળા/કોલેજએ વિદ્યાર્થીના રેશનકાર્ડની પ્રથમ પાનાની નકલ તથા પરીવારના સભ્ય નામ સાથેની પાનાની નકલ રાખવી.)
3. વિદ્યાર્થીનુ રેશનકાર્ડમાં **E-KYC** છે કે નહી તે ચેક કરવા **PLAY STORE** માં **My Ration Application** ડાઉનલોડ કરીને "આધાર અને મોબાઇલની સ્થિતિ" ઉપર ક્લિક કરીને રેશનકાર્ડ નંબર નાખીને ચેક કરી શકાશે. અથવા શહેરી વિસ્તાર માટે પુરવઠા શાખા, જુની કલેક્ટર ઓફિસ, રાણીબાગ, પોરબંદર ગ્રામ્ય વિસ્તાર માટે **VCE** પાસે પણ થઇ શકશે.

4. જે વિદ્યાર્થીઓના આધારકાર્ડ કે રેશનકાર્ડ **UPDATED** ન હોય તેવા વિદ્યાર્થીઓના આધારકાર્ડ કે રેશનકાર્ડ **UPDATE** કરાવીને વિગતો મેળવી લેવાનું રહેશે.
5. વિદ્યાર્થીનો આધારનંબર જે બેંક ખાતા સાથે લીંક હોય તે બેંક ખાતામાં શિષ્યવૃત્તિની ચુકવણી કરવામાં આવે છે .આથી આપની કક્ષાએથી તમામ વિદ્યાર્થીઓને ખાસ જણાવવામાં આવે છે કે જે વિદ્યાર્થીઓએ આધાર અને બેંક ખાતાનું લિંકીંગ/સીડીંગ કરાવેલ ના હોય તેઓએ તાત્કાલિક કરાવી લેવાનું રહેશે આધારકાર્ડ કઇ બેંકમાં લિંક છે તે ચેક કરવા માટે https://myaadhaar.uidai.gov.in/ લોગીન કરીને → BANK SEENDING STATUS ઉપર ક્લીક કરીને જોઇ શકાય છે .
6. નવા દાખલ થનાર સા.શૈ.પ.વર્ગ, આ.પ.વર્ગ,લઘુમતી અને વિચરતી-વિમુક્ત જાતિના તમામ વિદ્યાર્થીઓની બેંક પાસબુક એડમીશન લેતી વખતે જ મેળવી લેવાની રહેશે.( જે તારીખ આપ પાસબુક મેળવો તે તારીખ સુધીની બેંકમાં અવર-જવર હોવી જોઇએ. દાખલા તરીકે ૫૦૦ જમા કરવા અને ૨૦૦ ઉપાડવા તે રીતની એન્ટ્રી છે કે નહી તે ફરજીયાત ચેક કરવુ જેથી શિષ્યવૃતિ ચુકવણી કરતી વખતે એકાઉન્ટ ફ્રીઝ, ડોરમેટ જેવા પ્રશ્ન ઉપસ્થિત ન થાય. )
7. નવા દાખલ થનાર વિદ્યાર્થીઓ પાસે સા.શૈ.પ.વર્ગ, આ.પ.વર્ગ,લઘુમતી અને વિચરતી-વિમુક્ત જાતિના સક્ષમ અધિકારીશ્રીનુ જાતિનો દાખલા છે. છે કે નહી તે ચેક કરી લેવુ. જો ન હોઇ તો જે તે કચેરીએ કઢાવી લેવા આપની કક્ષાએથી સૂચના આપવા જણાવવામાં આવે છે.
8. નવા દાખલ થનાર વિદ્યાર્થીઓ પાસે વર્ષ ૨૦૨૫-૨૬ના પરિપત્રની સૂચના મુજબ આવકનો દાખલો છે કે નહી તે પણ સાથે ચેક કરી લેવુ. જો ન હોઇ તો જે તે કચેરીએ કઢાવી લેવા આપની કક્ષાએથી સૂચના આપવા જણાવવામાં આવે છે. ( ખાસ આવકના દાખલાની તારીખ જોઇ લેવા જણાવવામાં આવે છે.)

ઉક્ત મુદાઓનો ચુસ્તપણે અમલ કરી નિયતસમય મર્યાદામાં આપની શાળાના સા.શૈ.પ.વર્ગ, આ.પ.વર્ગ,લઘુમતી અને વિચરતી-વિમુક્ત જાતિના શિષ્યવૃતિ/ગણવેશ સહાયની કામગીરી ૧૦૦% પુર્ણ કરવા જણાવવામાં આવે છે.



જિલ્લા સમાજ કલ્યાણ અધિકારી
(વિ.જા.) પોરબંદર

<u>નકલ સવિનય રવાના</u>:-

૧) માન.કલેક્ટરશ્રી, પોરબંદર તરફ જાણ સારૂ
૨) રજીસ્ટ્રારશ્રી, ભક્ત કવિ નરસિંહ મેહતા યુનિવર્સિટી,જૂનાગઢ- તરફ જાણ સારૂ.
૩) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, આપની કક્ષાએથી તમામ આચાર્યશ્રીઓને જરૂરી સૂચના આપવા સારૂ.
૪) નિયામકશ્રી,વિકસતી જાતિ કલ્યાણ, ગુ.રા.ગાંધીનગર- જાણ સારૂ